## ગાંધીનગર મને ગમે છે...



- ડો. સમીર ત્રિવેદી

ગાંધીનગર આ નામ જ સ્વધન્યતા ધરાવે છે. શહેરનાં નામમાં પૂજ્ય ગાંધીજી (રાષ્ટ્રપિતા)નાં નામનો અક્ષરદેહ હંમેશા વસેલો છે. આવાં નગરમાં રહેવાનું સદ્‌ભાગ્ય છેલ્લાં ૩૫ અને વધુ વર્ષોથી પ્રાપ્ત થયેલ છે.

મારાં પિતાજી આજે સદેહે હયાત નથી પરંતુ તેઓ એરફોર્સમાંથી સેવાનિવૃત્ત થયા ત્યારે ગાંધીનગરમાંજ સ્થાયી થવાનું તેઓનું સપનું આજે વિકસતું ગાંધીનગર નિહાળી રોમાંચિત થવાય છે. ગાંધીનગરની સૌથી મોટી ઓળખ તેનાં ખુલ્લા રસ્તા બગીચાઓ અને વનરાજી છે. અને ફ્લાયઓવરનું નજરાણું હાલમાં જ ઉમેરાયેલ છે.

ગાંધીનગરમાં કોસ્મોસ મેનપાવર પ્રા. લી. કંપની જે ૦૩ વ્યક્તિઓથી સ્થાપીત થયેલ તેમાં આજે હજારો માણસો રોજગારી મેળવી પગભર થયેલા છે અને રોજગારીનું વટવૃક્ષ બનેલ છે. ગાંધીનગરમાં રોટરી ક્લબ જેવી સંસ્થાઓ સામાજીક પ્રવૃત્તિઓમાં અગ્રેસર છે. જેમાં મેં અગ્રણી ભુમીકા ભજવેલ છે.

ગાંધીનગરમાં જીઆઈડીસી ઈલેકટ્રોનીક ઝોન આવેલ છે જેમાં અનેક કંપનીઓ સફળતાપૂર્વક કાર્યરત છે. આ જીઆઈડીસીનાં છદ્વૈ (ગેઝીયા) એસોસીએશનમાં પ્રમુખપદે સેવાઓ આપેલ છે અને ગાંધીનરની શોભા વધારે અને તેમાં અભિવૃધ્ધિ થાય તેવાં અનેક એવોર્ડ આ શહેરને મળેલ છે.

મારૂ ગાંધીનગર હવે યુવાન અવસ્થામાં અત્યંત ગતીમય રીતે વિકાસ કરી રહેલ છે. સાચું કહું તો ગાંધીનગર છોડીને ઓફીસ કામકાજ માટે બહાર જવાનું થાય ત્યારે પણ મનમાં તો એ જ બાબત રહે કે ત્વરીત મારા આ રળીયામણાં નગરમાં ક્યારે પરત ફરીએ ? સૌથી મુખ્ય બાબત પ્રદુષણ વિનાનું આ શહેર છે અને આજ તેનો સાચો વૈભવ છે. લીલીછમ વનરાજી અગાઉના વર્ષોની તુલનામાં ઓછી થઈ છે પરંતુ સામે આધુનીક/ભૌતીક સુખસગવડ પણ વધેલ છે.

અગાઉ ગાંધીનગર ફક્ત સરકારી નગરથી ઓળખાતું હતું આજે વેપાર-વાણીજ્યનાં લીધે દેશનાં અન્ય ભાગોમાંથી પણ માનવબળ આવીને વસેલ છે. મારૂ ગાંધીનગર ગીફ્ટ સીટી, મહાત્મા મંદિર, કલાત્મક વિધાનસભા ગૃહથી શોભે છે અને મેટ્રો રેલ્વેની સવારી હવે નજદીકમાં જ છે એમ જણાય છે. ગાંધીનગરનાં સ્વર્ણીમ પાર્ક અને નવા વિકસતા રાયસણ, કુડાસણ તેની શોભા વધારે છે.

મારૂ ગાંધીનગર બાલકનજી બારીથી શરૂ થયેલ છે જે આજે જીમખાના, કલ્ચરલ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં બટાકાની કાતરી બનાવવાની મોસમ ખીલી ઉઠી

**પાંચ પ્રકારના બટાકાઓમાંથી કાતરીની બનાવટ લોકર અને બાદશાહ બટાકામાંથી થાય છે : બટાકાના ભાવ ૨૦ કિલોના ૪૮૦ રૂપિયા**

ગાંધીનગર, તા. ૧૧

શહેરમાં ચૈત્ર માસની શરૂઆત થતાંની સાથે ગૃહિણીઓ દ્વારા લાલ બટાકાની કાતરી, સાબુદાણાની ચકરી, પાપડની બનાવટ શરૂ કરવામાં આવી છે. આ મહિનામાં બટાકાની વેફરની બનાવવામાં આવે છે. ત્યારે આ માસમાં તો ઘરે ઘરે ગૃહિણીઓ દ્વારા પોતાના ધાબે અને અગાસી જેવા ભાગમાં તડકામાં બટાકાની વેફરને સુકવવામાં આવે છે.

ગુજરાતીઓને તળેલા નાસ્તાઓ ખાવાનો ક્રેઝ હર હંમેશ ચાલી રહ્યું છે. જેમાં લોકર, બાદશાહ, પોખરાજ, એલાર, કૂકરી એમ પાંચ વિવિધ જાતના બટાકાનું વેચાણ થાય છે. જે પૈકી લોકર બટાકામાંથી વેફરની બનાવટ કરવામાં આવે છે. આ બટાકાની ખેતી સૌથી વધારે થાય કારણે બટાકાનો પાક ઓછો થવાથી તેના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે.

ફ્રેન્ચ ફ્રાઈસની બનાવટમાં સૌથી વધારે એફસી-૩, એફસી-૫ બટાકાનો ઉપયોગ કરવામાં આવે છે. લોકર અને પોખરાજ છે. અને બારેમાસ આ નાસ્તો બગડતો નથી. શાળાએ જતા બાળકોને નાસ્તામાં ભરી આપવામાં આવે છે.

બટાકાને છીણીને તેની કાતરી પાડીને તેને ગરમ પાણીમાં બાફવામાં આવે છે







સાથે સાથે બટાકાની વેરાયટીઓ બનાવવામાં આવે છે. શહેરમાં માર્કેટમાં લાલ બટાકાની અઢળક આવક પણ થઈ ગઈ છે. અને ગૃહિણીઓ દ્વારા તેની ખરીદી પણ કરવામાં આવી રહી છે. વૈશાખ મહિનામાં ધૂળની ડમરીઓ ઉડવાના કારણે તેની પહેલા ચૈત્ર માસમાં આ વાનગીઓ માટે રહેલો છે. જેમાં સવારે અને બપોરે ચા ની સાથે આ તળેલી બટાકાની વેફરને નાસ્તામાં આરોગવામાં આવે છે. નાના બાળકોને આ વેફરો અને બટાકાની ચીપ્સ, સાબુદાણાની ચકરી ખૂબ પ્રિય હોય છે.

શહેરમાં બજારોમાં વિવિધ પાંચ પ્રકારના બટાકાનું વેચાણ છે. અને તેનું કદ મોટુ હોવાથી કાતરી સારી થાય છે. જ્યારે તેનો ભાવ ૨૪ રૂ. કિલો માર્કેટમાં ચાલી રહ્યો છે. જ્યારે એલાર અને લોકર બટાકામાંથી બારેમાસ બટાકાની કાતરી બનતી હોય છે.

માણસામાં ૧૩,૦૦૦ હેક્ટરમાં બટાકાની ખેતી કરવામાં આવી હતી. આ વર્ષે વાવાઝોડાના બટાકાનો ઉપયોગ સૌથી વધારે કરવામાં આવે છે. જેનું બિયારણ પંજાબથી આવે છે.

પ્લાસ્ટિકના પડીકાઓમાં મળતી વેફર સ્વાસ્થ્ય માટે હાનિકારક મનાય છે તેને જોતા ગૃહિણીઓ બારેમાસ માટે આ નાસ્તો બનાવીને એરટાઈટ ડબ્બાઓમાં પેક કરવામાં આવે અને આ કાતરી બફાઈ ગયા બાદ તાપમાં સૂકવવા માટે મુકવામાં આવે છે. સુકાઈ ગયેલી આ કાતરીનો ઉપયોગ બારેમાસ કરી શકાય છે. જેને તળીને તેમાં મીઠું અને મરચું ભભરાવીને સ્વાદિષ્ટ લાગે છે. એલાર બટાકામાંથી બાલાજીની વેફરની બનાવટ થાય છે.

## ગાંધીનગર કોલ્ટ્સ ટીમનો "જીપીએલ-૨૦૨૧"ની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ




ગાંધીનગર, તા.૦૯

ગાંધીનગર સરખેજ હાઈવે પર છારોડી સ્થિત સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાપીઠ ખાતે યોજાઈ રહેલી સુવિખ્યાત ક્રિકેટ ટુર્નામેન્ટ ગુરુકુળ પ્રીમિયર લીગની ૧૦મી સીઝન "જીપીએલ-૨૦૨૧"માં ગાંધીનગર કોલ્ટ્સ ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો છે. આ ટૂર્નામેન્ટમાં ગાંધીનગર કોલ્ટ્સ ટીમે અત્યાર સુધી રમેલી કુલ આઠ મેચો પૈકી સાતમાં વિજય પ્રાપ્ત કર્યો છે.

ગાંધીનગર કોલ્ટ્સ ટીમે ક્વાર્ટર ફાઈનલ સુધીની જે સફર ખેડી તેમાં પહેલી મેચમાં નાઈટ રાઈડર્સે સાત વિકેટે અને બીજી મેચમાં મહાદેવ ક્રિકેટ ક્લબને દસ વિકેટે ત્રીજી મેચમાં ભાવનગર સુપરજાયન્ટ્સને સાત વિકેટે પરાજય આપી સુપર લીગમાં પ્રવેશ મેળવ્યો હતો. સુપર લીગમાં પણ ગાંધીનગર કોલ્ટ્સ ટીમે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતાં અમદાવાદની બજરંગી ઈલેવનને પંદર અને ત્યાર બાદ મુંબઈની મેવરિક્ઝ ટીમને સાત વિકેટે અને અમદાવાદની સ્કવોડ ઈલેવનને છ વિકેટે પરાજય આપ્યો હતો. ગાંધીનગર કોલ્ટ્સ ટીમના યુવા બૅટ્સમેનોએ તમામ ૬ મેચમાં ખૂબ શાનદાર પ્રદર્શન કર્યું હતું જેમાં અત્યાર સુધીમાં નંદન ઉપાધ્યાયે ૧૯૯ રન, અભિષેક પંડ્યાએ ૧૪૨ રન, રાકેશ યાદવે ૧૨૧ રન અને માત્ર ૩ મેચ રમી શકેલા ક્ષિતિજ પટેલે ૯૦ રન ફટકાર્યા છે જ્યારે બોલિંગ ક્ષેત્રે પણ અત્યાર સુધીમાં ભાવેશ રાવલિયાએ ૯, જય પટેલ ૯ અને સલીલ યાદવ ૮ વિકેટ ઝડપી ચુક્યાં છે.

# અરુણોદય સેવા ટ્રસ્ટ દ્વારા પાણીના કુંડાનું વિતરણ



ગાંધીનગર, તા.૧૧

શહેરોમાં પર્યાવરણની જાળવણી માટે જાગરુકતા વધી છે ત્યારે, પર્યાવરણ પ્રેમી અને જીવદયા પ્રેમી મનોજભાઈ જોષીએ અરુણોદય સેવા ટ્રસ્ટ, ગાંધીનગરના સૌજન્યથી સેવા વસ્તીમાં જઈને બાળકો અને વડીલોને પાણીના કુંડાનું વિતરણ કર્યું હતું. સાથોસાથ અબોલ પશુ-પક્ષીઓની પાણી દ્વારા સેવા, તેનું માનવ જીવનમાં મહત્વ અને પાણીના કુંડાની જાળવણી અને રાખરખાવની માહિતી આપી હતી. પાછલા ઘણા વર્ષોથી મનોજભાઈ અરુણોદય સેવા ટ્રસ્ટ ગાંધીનગરના સૌજન્યથી ઘરે ઘરે, શોપિંગ સેન્ટરમાં ફરીને, જ્યાં જરૂર લાગે ત્યાં વ્યક્તિગત રીતે પાણીના કુંડા પહોંચાડે છે.

## આવતીકાલે કલાગુર્જરી દ્વારા ભજનાંજલિનું આયોજન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરની જાણીતી સંસ્થા કલાગુર્જરી દ્વારા લાંબા સમય બાદ એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંત દ્વારા જલિયાવાલા બાગના શહીદ દિન નિમિત્તે તા. ૧૩ એપ્રિલ-૨૦૨૨ અને બુધવારના રોજ રાત્રે આઠ વાગ્યે ભજનાંજલિનો કાર્યક્રમ રાખેલ છે. કાર્યક્રમનું સ્થળ 'નિજાનંદ ફાર્મ, પીડીપીયુ ચોકડીની જમણી બાજુ, ભાઈજીપુરામાં રાખેલ છે. આ કાર્યક્રમમાં જાણીતા ભજનિક રામસેવકદાસજી અને એમની ટીમ ભજનો રજૂ કરશે.

આ કાર્યક્રમ પહેલાં, ફક્ત કલાગુર્જરીના સભ્યો માટે જ સાંજે સાત વાગ્યે એ જ સ્થળે પ્રીતિ ભોજનનો કાર્યક્રમ રાખેલ છે.



રામચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર ઉનાળા મા છેલ્લા ૧૫ વષે છાશ વિતરણ કરવામાં આવેશે ડો સોનેજી ગુરુ બહેન દારા ટ્રસ્ટી ગણ નભોઈ કોબા બોરિયા તળાવ વિસ્તાર મા ગરીબો સેવા માન જશવંત પટેલ સ્થાયી સમિતિ ચેરમેન યોગેશ નાયી પૂવ સરપંચ દશરથ પટેલ લીલાભાઈ દેસાઈ આગેવાનો સંસ્થા ખૂબ જ રામચંદ્ર ના આદશૅ દરેક જીવ કલ્યાણ થાય બિપીન મણિયાર પકાશ શાહ સુંદર કાર્ય કરેલ



માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદ નો ગરબો યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ભાવિ ભક્તોની ઉપસ્થિતિ રહી હતી તેમ અખબારી યાદીમાં પ્રફુલ્લાબેન ભાવસારે જણાવ્યું હતું.

# સેકટર-૨૫ જીઆઈડીસીમાં સાયબર અવેરનેસ સેમીનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૧

છેલ્લા કેટલાક સમયથી ઓનલાઈન છેતરપિંડીના કિસ્સામાં વધારો જોવા મળી રહ્યો છે.ત્યારે ગાંધીનગર સાયબર ક્રાઈમની ટીમ દ્વારા સેકટર-૨૫ જીઆઈડીસીના કર્મચારીઓ સાથે સાયબર અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર રેન્જ વિસ્તારમાં બનતા સાયબર ક્રાઈમના ગુના અટકાવવા માટે સાયબર ક્રાઈમ પોલીસ મથકના પીઆઈ પી.એલ.વાઘેલાને પાટનગરના નાગરીકો ઓનલાઈન છેતરપિંડીનો ભોગ ન બને તે માટે સાયબર અવેરનેસના કાર્યક્રમ યોજીને માર્ગદર્શન પુરુ પાડવા માટે સુચના આપી હતી. ત્યારે સાયબર ક્રાઈમ પોલીસ મથકની ટીમ દ્વારા સેકટર-૨૫ જીઆઈડીસી એસ્ટેટ ખાતે સાયબર અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરાયુ હતું. આ કાર્યક્રમમાં હાજર ૫૦ થી વધુ કર્મચારીઓને સાયબર અવેરનેસ લગતી માહિતી પુરી પાડવામાં આવી હતી. જેમાં સાબર ક્રાઈમ એટલે શું.?ઈન્ડરસ્ટ્રીયલ ઝોનમાં થતા નાણાકીય છેંતરપિડીં અને તેનાથી



બચવા માટે શુ તકેદારી રાખવી તે અંગે માહિતી પુરી પાડવામાં આવી હતી. સોશ્યલ મિડીયામાં વોટસએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ જેવી વિવિધ એપ્લીકેશન દ્વારા બનતા બનાવોથી કર્મચારીઓને માહિતગાર કર્યા હતા. જયારે કર્મચારીઓ સાયબર ક્રાઈમનો ભોગ ન બને તે માટે સોશ્યલ મિડીયામાં પાસવર્ડ અંગે શું તકેદારી રાખવી તે અંગે માહિતગાર કરાયા હતા. જયારે પૈસાની ઓનલાઈન છેતરપિંડી થાય તો સાયબર ક્રાઈમને જાણ કરવી. જેથી છેતરપિંડીની રકમ પરત મેળવી શકાય છે. જયારે નાગરીકો ઓનલાઈન પણ વેબ સાઈટ પર ફરીયાદ નોંધાવી શકે છે.


# હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર ખાતે 'ધ આર્ટ ઓફ ઈન્ડિયા'

**હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર ગાંધીનગર ખાતે વિશ્વભરના કલાપ્રેમીઓને એકસાથે લાવવા આર્ટ માસ્ટરપીસ કલા કૃતિઓનું ખાસ આયોજન : આર્ટ ઓફ ઈન્ડિયા પ્રદર્શનમાં નામાંકિત કલાકારોની કલાકૃતિઓનું આકર્ષણ**









ગાંધીનગર, તા.૧૧

જ્યારે ઈન્ટરનેટે આપણને સમગ્ર વિશ્વમાં બનાવેલ આર્ટવર્કનો આનંદ માણવા માટે ખુલ્લા કર્યા ત્યારે કંઈપણ ક્યારેય રીયલ-લાઈફમાં, પ્રથમ હાથના અનુભવને હરાવી શકશે નહીં. દેશના સૌથી મોટા કલા પ્રદર્શન, 'ધ આર્ટ ઓફ ઈન્ડિયા ૨૦૨૨લ્ર ફેસ્ટિવલમાં તમારા બધા કલાપ્રેમીઓ માટે હૃદયને સ્પર્શી જાય એ સમય આવી ગયો છે. ભારતની સૌથી નોંધપાત્ર આર્ટવર્ક પાછળના પ્રતિભાઓની ઉજવણી કરતા, પ્રભાવશાળી સંગ્રહ ૨૫૦થી વધુ કલાકારો, ચિત્રકારો, ભીંતચિત્રકારો, શિલ્પકારો વગેરેના વિશાળ કેનવાસને ૭૫,૦૦૦ ચોરસ ફૂટની જગ્યામાં આ એક્ઝિબિશન ફેલાયેલ છે.

ગાંધીનગરના હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર ખાતે ૧૧થી ૧૫મી એપ્રિલ સુધી 'ધ આર્ટ ઓફ ઈન્ડિયા ૨૦૨૨લ્ર નું આયોજન કરવામાં આવ્યું છે, આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાતના મુખ્યમંત્રી - શ્રી ભૂપેન્દ્ર રજનીકાંત પટેલ હાજર રહ્યા હતા. એક્ઝિબિશનમાં રવીન્દ્રનાથ ટાગોર, એમએફ હુસેન નંદલાલ બોઝ અને એમ વી ધુરંધર જેવા અગ્રણીઓની કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવશે, જેમ કે એફ એન સોઝા, ક્રિષ્ન ખન્ના, શક્તિ બર્મન, અકબર પદમ તેમજ અનીશ કપૂર, અર્પણા કૌર, બોસ કૃષ્ણમાચારી, સુજાતા બજાજ, પરેશ મૈતી, જયશ્રી બર્મન અને ઘણા વધુ જેવા કલા જગતના આધુનિક સમયના આકારકારોને પણ પ્રદર્શિત કરવામાં આવશે. સામાજિક, બૌદ્ધિક અને ઐતિહાસિક માળખું કે જેના પર આર્ટ્સ તેમની દ્રષ્ટિને પિન કરે છે તેની એક આકર્ષક સમજ પ્રદાન કરે છે, 'ધ આર્ટ ઓફ ઈન્ડિયા ૨૦૨૨' ફેસ્ટિવલ પ્રખર ભારતીય કલાના જાણકારો અને પ્રદેશના મહાનુભાવોનું સ્વાગત કરે છે તેમજ સૌથી આશાસ્પદ યુવા કલાકારોની પ્રશંસા કરે છે.

